# સર્વધર્મ સમભાવની ભાવનાને સાર્થક કરતું આઈઆઈટી કેમ્પસ



ભારતમાં નહી પરંતુ વિશ્વમાં પોતાના એજ્યુકેશન અને ક્રિએટિવ આઈડિયાને કારણે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, ગાંધીનગર ફેમસ છે. ગુજરાતમાં ગાંધીનગર નજીક પાલેજ ગામ ખાતે આવેલી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી (આઈઆઈટી) પહેલા પોતાના જૂના કેમ્પસ ચાંદખેડામાં હતી. જ્યાંથી હાલ પોતાના નવનિર્મિત પાલેજ કેમ્પસ ખાતે કાયમી ધોરણે બદલવામાં આવી છે. આઈઆઈટીના આ નવા કેમ્પસને ક્રિએટિવ કેમ્પસ બનાવવા માટે સ્ટુડન્ટસ દ્વારા દરેક બિલ્ડિંગના યુનિક નામ આપવામાં આવ્યા છે.

આઈઆઈટી પાલેજ કેમ્પસમાં આવેલી બોયઝ એન્ડ ગર્લ્સ હોસ્ટેલના છ બ્લોકને સ્ટુડન્ટે હટકે નામ આપી યુનિક બનાવ્યું છે. આઈઆઈટીની નવી બિલ્ડિંગમાં આવેલા હોસ્ટેલમાં કુલ છ બ્લોક પડે છે. જેના સ્ટુડન્ટસ દ્વારા આઈબાન, બેઉકી, ચીમેર, ડુવેન, ઈમીટ, ફીરપેલ જેવા યુનિક નામ આપવામાં આવ્યા છે. આ નામનો અર્થ શબ્દકોશ શોધશો તો નહીં મળે પરંતુ સ્ટુડન્ટસ આ નામ પરથી હોસ્ટલ શોધી આપશે.

## વિશ્વના કોઇ ધર્મ, જાતિ કે સમાજને હાનિ ન પહોંચે માટે આઇઆઇટી, ગાંધીનગરે તેના નવા કેમ્પસ પાલેજમાં હોસ્ટેલના છ યુનિક નામ શોધ્યા

અમારા કેમ્પસને અન્ય ઈન્સ્ટિટ્યૂટના કેમ્પસ કરતા હટકે બનાવવા માટે અમે તેના છ યુનિક નામ આપ્યા છે. હોસ્ટલના છ બ્લોકના છ નામ સાથે હોસ્ટલની સેન્ટરમાં આવેલા એક ગોળ જગ્યાને અમે પંચાયત ચોક નામ આપ્યું છે. અહિંયા દરેક સ્ટુડન્ટસ આવીને ગપ્પામારી મજાક મસ્તી કરતા હોય છે. જેના કારણે અમે આ સ્થળનું નામ પંચાયત આપ્યું છે. અમે આગળ આઈઆઈટી કેમ્પસના દરેક બિલ્ડિંગના આવા યુનિક નામો વિચારી રહ્યા છે.



**અનુશા ગુપ્તા, સ્ટુડન્ટ**

આ અંગે આઈઆઈટી ફેકલ્ટી હરીશ પી.એમ. કહે છે કે આઈઆઈટીના પાલેજ કેમ્પસની બિલ્ડિંગો આકાર પામી ગઈ ત્યારે અમે વિચારી રહ્યા હતા કે આ બિલ્ડિંગ તો બની ગઈ પણ તેને ખાલી કોલેજ કેમ્પસ હોસ્ટેલ કે કેન્ટિંગ આવા નામ આપવા નથી. જે અંગે અમે સ્ટુડન્ટસ સાથે ચર્ચા કરી અને સ્ટુડન્ટસને બિલ્ડિંગના યુનિક નામ પર રિસર્ચ કરવા જણાવ્યું. જેમાં સ્ટુડન્ટસે વ્યકિત વિશેષ, ફ્રેન્ચ, ગ્રીક, જર્મન ગુજરાતી અને ભારતની વિવિધ પ્રાદેશીક ભાષાઓમાં ચર્ચાસ્પદ્ શબ્દો અને નામો અમારી સામે રજૂ કર્યા. પરંતુ આ શબ્દોમાં ધર્મ, જાતિ જેવી બાબતો આવતી હોવાથી અમે એવા શબ્દો ઈનોવેશન કરવાનું નક્કી કર્યુ. જેમાં કોઈ ધર્મ, જાતિ કે સાંપ્રદાયિક બાબતોનો સમાવેશ ન થતો હોય, આથી અમે સ્ટુડન્ટસ સાથે એક મિટિંગમાં ઓન ધ સ્પોટ જે તમારા દિમાગમાં આવે તેવા શબ્દો વિચારવાનું કહ્યું. જેમાં સ્ટુડન્ટસે આઈબાન, બેઉકી, ચીમેર, ડુવેન, ઈમીટ, ફીરપેલ જેવા દુનિયાની કોઈપણ ડિક્શનરીમાં જોવા ન મળે તેવા શબ્દો શોધી કાઢ્યા અને હાલ આઈઆઈટી ગાંધીનગરની હોસ્ટલના છ બ્લોકના અમે છ યુનિક નામ આપ્યા છે.